

## પારડીના પરિયા ગામે દીપડાનો બાઈકચાલક યુવાન પર હુમલો

**ઈજાગ્રસ્ત** યુવાનને હોસ્પિટલ ખસેડાયો, ગામમાં ભયનો માહોલ



પારડીઃ પારડીના પરીયા વેલવાગડ ખાતે નોકરી ઉપરથી પરત ઘરે જતાં યુવાનને દીપડાએ પંજો માર્યો હતો. જેને લઈ ગામમાં ડરનો માહોલ ફેલાયો છે.

પારડીના પરીયા વેલવાગડ ખાતે રહેતા નવીન નારણ પટેલ (ઉં.વ.40) ગત રોજ નોકરી ઉપરથી રાત્રિના 9:00 વાગ્યાના સમયે ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન દીપડો અચાનક આવી ચઢી પંજો માર્યો હતો.

જેની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. જોકે, દિપડો ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત નવીનને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો હતો. ત્યારે આ અંગે પડોશી ગુલાબભાઈ અને ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, અગાઉ બે ત્રણ વાર કૂતરા પાછળ દીપડાને શિકાર માટે દોડતા જોયો હતો. ત્યારે આવા હુમલાને લઈ ગામમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ઘટનાની જાણ સરપંચ અને વન વિભાગને કરવામાં આવતા સ્થળ ઉપર આવી પહોંચી તપાસ કરી હતી. અને દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું.

## વાપીના લવાછામાં બુલેટને કારની ટક્કર લાગતાં બે પક્ષ વચ્ચે હોકી, ચપ્પુ અને સળિયા ઊછળ્યા

**બંને** પક્ષે વાપી ડુંગરા પોલીસમથકમાં સામસામી ફરિયાદ

વાપીઃ વાપી નજીકના લવાછા ગામે અંબિકા પાર્કમાં કારની ટક્કર બુલેટને લાગતાં બંને પક્ષ વચ્ચે ઝઘડો થયો હતો. એક પક્ષના 4 પૈકી બે લોકો હોકી-સળિયા, જ્યારે બીજા પક્ષના માતા-પિતા અને પુત્ર સહિત 4 પૈકી એક ચપ્પુ લઈ હાથાપાઈ ઉપર ઊતરી આવ્યા હતા, જેમાં બુલેટવાળા તરફથી આવેલા એકના હાથમાં નાનુ ચપ્પુ હોય તેના વડે હુમલો કરી 2ને ઈજાગ્રસ્ત કર્યા હતા. જ્યારે સામા પક્ષ કારવાળા તરફથી આવેલા 4 ઈસમ પૈકી બે લોકોના હાથમાં હોકી અને સળિયો હોય જેના વડે પિતા-પુત્ર ઈજાગ્રસ્ત થયા હતા. બંને પક્ષે વાપી ડુંગરા પોલીસમથકમાં સામસામી ફરિયાદ નોંધાવી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર વાપી નજીકના લવાછા ગામના કેશરી ફળિયામાં રહેતો બળવંત રમણ પટેલ (ઉં.આ.42) ગત તા.12-7-25ના રોજ તેના મિત્ર જયેશ પટેલ તથા ભગુ ધેડા પટેલ સાથે કામાર્થે કાર લઈને સેલવાસ ગયો હતો. મિત્ર જયેશ તેની ગાડી લવાછા અંબિકા પાર્કમાં આવેલી દુકાનની સામે પાર્ક કરી હતી. કામ પતાવી તેઓ લવાછા અંબિકા પાર્ક પર પરત ફર્યા હતા, ત્યારે મિત્ર જયેશ પોતાની પાર્ક કરેલ ગાડી લઈને ઘરે નીકળી ગયો હતો. બળવંતે તેના મિત્ર ભગુને મૂકવા જવા માટે ગાડીને યુ ટર્ન મારતી વેળા આગળ પાર્ક કરેલી એક બુલેટ સાથે કાર અથડાઈ હતી.

બુલેટ ચાલક શિવમે ઝઘડો કર્યો અને તેઓની સાથે હાથાપાઈ કરી અને તેણે નજીકમાં રહેતા મિત્તલ મુકેશ પટેલ, મુકેશ ગોપાલ પટેલ અને તેની પત્ની અનિતાને બોલાવી લાવ્યા હતા અને મારામારી કરી હતી. મિત્તલે મોપેડની ચાવીમાં લગાવેલા નાના ચપ્પુ વડે બળવંત તથા મિત્ર ભગુ ઉપર હુમલો કર્યો હતો, જેમાં બળવંતના માથાના ભાગે અને ભગુના ગાલ ઉપર ચપ્પુ લાગતા ઈજાગ્રસ્ત બન્યા હતા. બાદ બળવંતે તેના મિત્ર જયેશને આ બનાવની જાણ કરતાં તેઓ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને તેઓને વાહનમાં બેસાડી વાપી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. મારામારી કરનારા મિત્તલ મુકેશ પટેલ (પુત્ર), મુકેશ ગોપાલ પટેલ (પિતા), અનિતા મુકેશ પટેલ (માતા) (તમામ રહે., લવાછા, ભવાની માતાના મંદિરની સામે) અને શિવમ સામે બળવંત પટેલે વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામા પક્ષના મિત્તલ મુકેશભાઈ પટેલ (ઉં.આ.34) (રહે.,ભવાની માતા મંદિરની સામે, લવાછા)એ પણ સામી પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, તેનો મિત્ર શિવમ ઉપેન્દ્રસીંગને બુલેટ ફેરવવા માટે આપી હતી અને અંબિકા પાર્કમાં આવેલ દુકાન પાસે પાર્ક કરેલા બુલેટ સાથે કાર અથડાઈ હતી. જેથી તેઓ ઘરે આવીને જાણ કરી હતી. જે બાદ તેઓ બનાવ સ્થળે પહોંચ્યા હતા. પાછળથી તેનાં માતા-પિતા પણ આવી ગયાં હતાં. બળવંતે ઝઘડો કરી માતા સાથે ઢીક્કામુક્કી કરી હતી. ધર્મેશ દિલીપ હોકી લઈને મિત્તલના હાથ-પગ અને માથામાં ફટકા માર્યા જ્યારે પિતાને પણ ફટકાઓ માર્યા હતા. દિલીપ રમણભાઈ પટેલે સળિયા વડે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત બનેલાઓને સેલવાસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. મારામારી કરનારા બળવંત રમણભાઈ પટેલ, ભગુ ધેડાભાઈ, ધર્મેશ દિલીપભાઈ અને દિલીપ રમણભાઈ (તમામ રહે.,લવાછા)માં રહે છે.

## કરંજવેરી માન નદીના પુલ ઉપર ટુ વ્હીલર વાહનોને જ છૂટ, છતાં નિયમનું ઉલ્લંઘન

**પુલને** થીંગડાં મારતાં મહીસાગર જેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે પુલનો સરવે જરૂરી



આસીફ શેખ

### ચોમાસા પછી પુલનું કામ કરાશે

ધરમપુર માર્ગ-મકાન વિભાગના અધિકારી વિપુલ પટેલે જણાવ્યું હતું કે, ધરમપુર તાલુકાના તમામ નાના-મોટા પુલો સારા છે. પીડબ્લ્યૂડીના અધિકારી એન.એલ.પટેલે જણાવ્યું હતું કે, માન નદી પુલનો સરવે કર્યો છે. ચોમાસા પછી પુલ નિર્માણ કાર્ય શરૂ થશે. કલેક્ટરે જાહેરનામું બહાર પાડતાં લોકોની સલામતી માટે પુલ ઉપર હાલમાં મોટાં વાહનોની અવરજવર બંધ કરાઇ છે.

ધરમપુરઃ વડોદરાના પાદરા ખાતેના ગંભીરા પુલ તૂટી જવાની ઘટના બાદ સરકારે સફાળા જાગી રાજ્યભરના પુલનો સરવે હાથ ધર્યો છે. વલસાડ જિલ્લાના સ્ટેટ, જિલ્લા કે નેશનલ હાઈવે ઓથોરિટી હેઠળ આવતા પુલ સલામત હોવાનો દાવો કરાઈ રહ્યો છે. પરંતુ તંત્રના અધિકારીઓ પણ પુલોની પરિસ્થિતિ સારી હોવાનું રટણ લગાવી રહ્યા છે. ધરમપુર-વાંસદા નેશનલ હાઈવે 56 ઉપર આવેલા કરંજવેરી ગામની માન નદી ઉપર આવેલો 65થી 70 વર્ષ જૂના આ પુલ ઉપર પ્રતિ ચોમાસામાં ખાડા પડતા હોય છે, જેમાં પેચવર્ક કરી ડામર પાથરવામાં આવે છે. હાલ તાજેતરમાં ધરમપુર-વાંસદા રોડ ઉપર આવેલા કરંજવેરી ગામની માન નદી ઉપર આવેલા પુલ ઉપર મોટો ગાબડું પડી જતાં આ પુલ અવરજવર માટે સદંતર બંધ કરાયો છે. પુલ ઉપર પડેલાં ગાબડાને લઈ માર્ગ-મકાન વિભાગ તથા હાઈવે ઓથોરિટીના અધિકારીએ નિરીક્ષણ કર્યું હતું અને પ્લેટ મૂકી સ્લેબ ભરી ગાબડું પૂરી દેવામાં આવ્યું હતું. બાદ તાજેતરમાં મોટાં વાહનોનું ડાયવર્ઝન વિરવલ થઇ વાંસદા જવા માટે આપવામાં આવ્યું છે. પરંતુ હાલ માન નદી ઉપર ટ્રક જેવાં મોટાં વાહનોની અવરજવર બંધ કરાઇ છે. ફક્ત નાના ટુ વ્હીલર વાહનોની અવરજવર માટે આ પુલ ચાલુ કરાયો છે. પરંતુ કેટલીક કાર સહિત વાહનો બિનધાસ્ત આ પુલ ઉપરથી પસાર થઇ રહ્યા છે.

## તમે જ કંઈ કરો: નવસારી મનપાની ટીપીથી પરેશાન ખેડૂતો સાંસદ-ધારાસભ્યની શરણે

**નવસારી** મહાનગર પાલિકા અને માર્ગ-મકાન વિભાગ સંકલન કરે તો વિવાદનો ઉકેલ આવી શકે

### વિકાસ ફાળામાં પણ વધુ નાણાં આપવા પડે તો ખેડૂતો વધુ પાયમાલ થઈ જશે

ટૂંકમાં આ ટીપી સ્કીમથી ખેડૂતોએ જમીન પણ ગુમાવવી પડશે અને વિકાસ ફાળામાં પણ વધુ નાણાં આપવા પડે એવા સંજોગોમાં ખેડૂતો વધુ પાયમાલ થશે. એ જોતાં બુલેટ ટ્રેનમાં જમીન સંપાદન પેટે ખેડૂતોને કરોડો રૂપિયા સાંસદ સી.આર.પાટીલના પ્રયાસથી મળ્યા છે, ત્યારે નવસારીના તીઘરા તથા ઈટાળવા સહિતના આસપાસનાં ગામોમાં નવી ટીપી સ્કીમમાં જમીન ગુમાવનારા ખેડૂતોને ઊંચું વળતર મળે એ માટે સાંસદ સી.આર.પાટીલ ખેડૂતોની વ્હારે આવે એવી આશા રાખીને લોકો બેઠા છે.

નવસારીઃ નવસારી વિજલપોર પાલિકા હવે મહાનગર પાલિકા બની ગયા પછી ઈટાળવા અને તીઘરા વિસ્તારમાં નવી ટીપી સ્કીમ લાગુ કરવા માટે કામગીરી હાથ ધરાઈ રહી છે, ત્યારે એ વિકાસમાં એક વીઘું જમીન ગુમાવનારા ખેડૂતે સામેથી વિકાસ ફાળારૂપે 36 લાખ રૂપિયા પાલિકાને ચૂકવવા ન આવે એમ હોય, ત્યારે ખેડૂતોએ તો જમીન પર ગુમાવવાની અને ઉપરથી વધુ નાણાં પણ ચૂકવવા પડે ત્યારે ખેડૂતો પરેશાન હોય છે, તેથી વિવિધ માંગણી સાથે ખેડૂતોએ સોમવારે સાંસદ સી.આર. પાટીલ, ધારાસભ્યો આર.સી.પટેલ અને રાકેશ દેસાઈ, પાલિકાના કમિશનર, નગર નિયોજન અધિકારી તથા જમીન સંપાદન અધિકારીને સંબોધીને લેખિત રજૂઆત કરી હતી.

ઈટાળવા-તિઘરાના ખેડૂતોની એક સભા સી.એ. વિનોદભાઈ દેસાઈના અધ્યક્ષ પદે ગયા રવિવાર ઈટાળવા સાંસ્કૃતિક હોલમાં યોજાઈ હતી. આ સભામાં ટી.પી. યોજના-એફપી, જમીન કપાત, વિકાસ ફાળો, ટીપી રસ્તા ખોલવાની નોટિસ, ચોમાસામાં રસ્તાનું કામ પર પ્રતિબંધ, ખેડૂતોના પાક, ઝાડ, બાંધકામ, ફેન્સિંગ વગેરેનું નુકસાનનું વળતર, બેંક મારફત ચૂકવણી કરવા, નહેર, તળાવ, ખાડી, ગેસ લાઇન, મુખ્ય રોડથી બાંધકામ માર્જિન (ખુલ્લી જગ્યા છોડવા બાબત) એફએસઆઈ (મળવાપાત્ર બાંધકામ), સીસોદરા-ઈટાળવા-એરુ રોડ જમીન સંપાદન માપણીની નોટિસ વગેરે અગત્યની ચર્ચા કરવામાં આવી હતી. આ બાબતે સોમવારે નવસારી મહાનગરપાલિકામાં તથા કલેક્ટર, પ્રાંત ઓફિસર, માર્ગ અને મકાન વિભાગને આવેદન આપવામાં આવ્યાં છે. જેની નકલ લોક પ્રતિનિધિઓઓને પણ રૂબરૂ મળી આપવામાં આવશે.

હાલમાં ઈટાળવા અને તીઘરા ટીપી યોજના નં.1,2 અને 3ની કાર્યવાહી ચાલુ છે અને ખેડૂતોને બે નોટિસ અપાઈ ગઈ છે, ત્યારે ઈટાળવા તીઘરા માટેની ટીપી યોજના 1,2,3 માટે 4 ફેબ્રુઆરીએ બહાર પડાયેલા જાહેરનામા દ્વારા રાજ્ય સરકારે મંજૂર કરી છે. એ જાહેરનામામાં ઈટાળવા સીસોદ્રા રોડ 24 મીટરનો દર્શાવાયો છે તથા અન્ય આંતરિક રસ્તા 24 મીટર, 18 મીટર અને 15 મીટરના દર્શાવાય છે.

માર્ગ-મકાન વિભાગે એરૂ, ઈટાળવા, સીસોદ્રા (ગણેશ) રોડ માટે જમીન સંપાદનની કાર્યવાહી માટે જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર તરફથી જમીન માપણી નોટિસ મળી છે. એ જોતાં નવસારી મહાનગર પાલિકા અને માર્ગ-મકાન વિભાગનું સંકલન જરૂરી છે.

આ મંજૂર થયેલી ટીપી યોજના અન્વયે અમારી જમીનમાંથી કપાત થશે. આ સંજોગોમાં ઈટાળવા, સીસોદ્રા ગણેશ રસ્તાની જમીનમાંથી કપાત ટીપી યોજના નં.1,2,3માં કપાતમાં ગણવી જોઈએ. એ સંજોગોમાં નવસારી મહાનગર પાલિકા અને માર્ગ-મકાન વિભાગ સંકલન અને સમન્વય કરીને નિકાલ લાવવા માટે વિનંતી કરવામાં આવી હતી.

## 'ઓપરેશન હન્ટ': વલસાડમાં તમંચો વેચવાના ગુનાનો આરોપી 37 વર્ષ બાદ યુપીથી ઝડપાયો

**ચોરીના** આરોપીને તમંચો અને કારતૂસ વેચતાં ગુનો નોંધાયો હતો



### ચંદ્રભાણનું ચોક્કસ રહેઠાણ ન હતું

'ઓપરેશન હન્ટ' અંતર્ગત વલસાડ સિટી પોલીસ ટીમે ચંદ્રભાણ સિંગ ચૌહાણની તપાસ હાથ ધરી હતી. ચંદ્રભાણસિંગનું કોઇ નિશ્ચિત રહેઠાણ ન હતું અને તેની ચાર દીકરીઓ અલગ-અલગ ગામમાં રહેતી હતી. માહિતી મળી હતી કે, તે પોતાની દીકરીઓને મળવા અવારનવાર આવતો હતો. જેના પરથી નક્કી થયું કે, તે ઉત્તરપ્રદેશના ફતેહપુરમાં છુપાઇને રહે છે. જેના આધારે પોલીસે તેને પકડી પાડ્યો હતો.

વલસાડઃ વલસાડ પોલીસે 'ઓપરેશન હન્ટ' હેઠળ ભાગતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા કવાયત હાથ ધરી હતી, જેમાં તેમણે અનેક આરોપીઓને પકડ્યા બાદ હાલ 37 વર્ષથી નાસતા-ફરતા ટાડાના એક આરોપીને ઉત્તર પ્રદેશમાંથી ઝડપી પાડ્યો છે. આ આરોપીએ 41 વર્ષની વયે ગુનો કર્યો અને તે 78 વર્ષની વયે પકડાઇ ગયો છે.

આ સંદર્ભે માહિતી આપતા એસપી ડો.કરનરાજ વાઘેલાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, આરોપી ચંદ્રભાણસિંગ ચૌહાણનો ગુનો ૧૯૮૯માં પ્રકાશમાં આવ્યો હતો. જ્યારે વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ચોરીના કેસના આરોપી મુનીલાલ અયોધ્યા પ્રસાદ વિશ્વકર્માની રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરવામાં આવી હતી. મુનીલાલે પોતાના ઘરમાં જમીનમાં દાટી રાખેલા એક દેશી તમંચા અને બે કારતૂસ વિશે જણાવ્યું હતું. આ હથિયારો તેને ચંદ્રભાણસિંગ રણવિજયસિંગ ચૌહાણ પાસેથી રૂ.૪૫૦માં વલસાડ વિસ્તારમાં લૂંટ, ધાડ, ચોરી અને આતંક ફેલાવવા માટે મેળવ્યા હોવાનું તેણે કબૂલ્યું હતું. આ માહિતી મળતાં જ ચંદ્રભાણ સિંગ ચૌહાણ વલસાડ છોડીને ફરાર થઈ ગયો હતો.

ત્રણ મહિનાની સઘન મહેનત દરમિયાન ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં ચંદ્રભાણસિંગની માહિતી એકત્રિત કરવા અને તેને શોધી કાઢવા માટે એક ચોક્કસ નેટવર્ક કાર્યરત કરવામાં વલસાડ સિટી પોલીસ સફળ રહી હતી. તા.૧૨/૭/૨૦૨૫ના રોજ વલસાડ સિટી પોલીસને માહિતી મળી કે ચંદ્રભાણસિંગ પોતાના વતન ચાંદપુરની મુલાકાત લે તેવી શક્યતા છે. જેના આધારે વલસાડ સિટી પોલીસ સ્ટેશન પીઆઇ દિનેશ પરમારના માર્ગદર્શન હેઠળ એક ચોક્કસ ટીમ ઉત્તરપ્રદેશ ખાતે રવાના કરવામાં આવી અને ફતેહપુરના ચાંદપુર પોલીસ સ્ટેશનની પણ મદદ લેવામાં આવી હતી. મોડી રાત્રે ઓપરેશન હાથ ધરી આરોપી ચંદ્રભાણસિંગ રણ વિજયસિંગ ચૌહાણ (ઠાકોર), (ઉં.વ.૭૮) (રહે., ચાંદપુર, ધાણા મહોલ્લો, તા.બિંદકી, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં પ્લાસ્ટિકના દાણાની હેરફેરમાં 5 વર્ષથી ફરાર આરોપી યુપીથી ઝડપાયો

વાપીઃ પ્લાસ્ટિક દાણા ભરેલી ગાડી વાપી જીઆઈડીસીમાં આવેલ કાંટા પાસે બીજી ગાડીમાં ટ્રાન્સફર કરાવી વેચાણ કરી દીધા હતા. જે પાંચ વર્ષથી ભાગતો-ફરતો હોય જેને વલસાડ જિલ્લા પોલીસ ટીમે યુપીથી ઝડપી પાડ્યો હતો. વાપી જીઆઈડીસી પોલીસમથકના પીઆઈ એમ.પી.પટેલ અને ટીમ દ્વારા પાંચ વર્ષ અગાઉ નોંધાયેલ ગુનામાં સામેલ ભાગતો ફરનાર શ્યામવીરસીંગ સુરજસીંગ (ઉં.આ.30, રહે. હાજીપુર, યુપી) વતન હોવાની ચોક્કસ બાતમી આધારે પોલીસ ટીમ વતન પહોંચી તેને ઝડપી વાપી ઉદ્યોગનગર પોલીસમથકમાં લઈ આવી તેની અટક કરી કોર્ટમાં રજૂ કરી પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યાં હતાં અને કાર્યવાહી કરી હતી. પકડાયેલ શ્યામરવીરસીંગની પોલીસ પૂછપરછમાં તેઓ શ્રીશ્યામ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો અને તેઓ સાથે જે તે સમયે સતારાથી વાઈ કંપનીમાંથી પ્લાસ્ટિક દાણાનો માલ ભરી ભીવંડી પડગા લાવવા માટેનું ભાડું નક્કી કરવામાં આવ્યું હતું. જે બાદ તેણે વાઈ કંપની પડગામાં ગાડી મોકલી 6 ટન દાણા (કિંમત આશરે 3.18 લાખ) ભરી નીકળી હતી, જે બતાવેલ સરનામે પહોંચી ન હતી અને તે ગાડી વાપી જીઆઈડીસી ફોર્ટી શેડ સ્થિત આવેલ ચૌધરી કાંટા પાસે મંગાવી બીજી ગાડીમાં પ્લાસ્ટિકના દાણા ટ્રાન્સફર કરાવી વેચાણ કરી નાંખતો હતો, જેમાં અગાઉ એક પકડાયેલ પણ હતો. વાપી ઉદ્યોગનગર પોલીસમથકમાં અગાઉ પ્લાસ્ટિક દાણા 3.5 ટન (કિંમત 6.89 લાખ)ની ફરિયાદ નોંધાયેલી હતી, જેમાં તેની સંડોવણી હોવાનું જણાઈ આવ્યું હતું.

### દમણગંગા નદીમાં ઝંપલાવનારા યુવકનો આંબાવાડી નજીકથી મૃતદેહ મળ્યો



દમણઃ સંઘપ્રદેશ દમણમાં પટલારા ગામમાં રહેતો 21 વર્ષિય રાજ વિનોદ પટેલે 11 જુલાઈના રોજ કચીગામ પટલારા પુલ પરથી દમણગંગા નદીમાં ઝંપલાવી મોતને વહાલું કર્યું હતું. બનાવની જાણ ફાયર વિભાગને કરતાં ફાયર વિભાગના જવાનોએ સતત યુવાનની શોધખોળ કરી હતી, પરંતુ પાણીનું વહેણ વધુ હોવાને લઈ તે મળી આવ્યો ન હતો. આખરે રાજ પટેલનો મૃતદેહ 28 કલાક પછી રવિવારે મોડી સાંજે આંબાવાડી સ્મશાન ગૃહ પાસેના કિનારે ઝાડ પાસેથી મળી આવ્યો હતો. જેની જાણ દમણ પોલીસ અને ફાયર વિભાગને થતા સ્થળ પર આવી લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની કાર્યવાહી કરી હતી. પુત્રના મોતને પગલે પરિવારમાં આક્રંદની સાથે માતમ છવાઈ ગયો હતો.

### પારડી હાઇવે પર રૂ.2.94 લાખના દારૂ સાથે ટ્રકચાલક ઝડપાયો, મહિલા સહિત બે વોન્ટેડ



અમૃત પટેલ

પારડીઃ વલસાડ એલસીબીએ બાતમીના આધારે પારડી ને.હા.નં. 48 દમણીઝાંપા ઓવર બ્રિજ પાસેથી પસાર થતી ટ્રકની તપાસ કરતાં કેબિનમાં દારૂની બોટલ નંગ 168 જેની કિં.રૂ.2.94 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક ચાલક નરેશ અજયસિંહ પરિહાર (રહે., મધ્યપ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. કારમાં પાયલોટિંગ કરતાં સુષ્માબેન (રહે., નવસારી) અને અન્ય એક ઈસમને વોન્ટેડ બતાવ્યા હતા. પોલીસે કુલ રૂ.22.99 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## પારડીના પંચલાઈ ગામે મોરે કળા કરતાં સૌંદર્ય ખીલી ઊઠ્યું



અમૃત પટેલ

પારડીઃ પારડીના પંચલાઇ ગામે પંચલાઈન માહ્યાવંશી ફળિયામાં રહેતા પ્રિયાંક પરમારના ઘર પાસે મોરે વરસાદી મોસમમાં સુંદર કળા રજૂ કરી હતી. મોરનો આ નૃત્યોત્સવ એટલો આકર્ષક હતો કે તે સ્થળે હાજર લોકો તેને જોયા વિના રહી શક્યા નહીં અને લોકોએ તેના નાચને કેમેરામાં કેદ કર્યો હતો. ચોમાસામાં હરિયાળી ખીલતાં પક્ષીઓના કલરવ સાથે મોર નૃત્ય કરતા જોવા મળે છે. મોરનું નૃત્ય આનંદદાયક અને પ્રસન્નતાનું પ્રતીક માનવામાં આવે છે. આ ઘટનાથી ગામના લોકોમાં આનંદનું વાતાવરણ સર્જાયું હતું.

## ચલા આવેલી આફ્રિકાની મહિલાનું ખોવાયેલું પર્સ પોલીસે શોધી કાઢ્યું

**પર્સમાં** પાસપોર્ટ, વિદેશી-ભારતીય ચલણ તથા સોનાનાં ઘરેણાં મળી રૂ.6 લાખની મતા હતી



વાપીઃ આફ્રિકન બહેન (એનઆરઆઈ) વાપી ચલામાં મામાના ઘરે રહેવા આવી હતી. જે ઓટો રિક્ષામાં બેસી વાપી જીઆઈડીસી કલામંદિરમાં આવી હતી. તેઓ રિક્ષામાં જ પર્સ ભૂલી ગયાં હતાં, જેમાં પાસપોર્ટ, વિદેશી-ભારતીય ચલણ તથા સોનાનાં ઘરેણાં મળી કુલ રૂ.6 લાખ હતા. જેની જાણ વાપી ઉદ્યોગનગર પોલીસમથકે કરી હતી. ત્યાર બાદ પોલીસ ટીમ દ્વારા તરત જ સર્વેલન્સ ટીમ દ્વારા સર્ચ કરી રિક્ષા નંબરના આધારે માલિકનો સંપર્ક સાધ્યો હતો અને એ બાદ મળી આવેલું પર્સ બહેનને સોંપી દીધું હતું.

વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં બપોરના સમયે આફ્રિકન (એનઆરઆઈ) બહેન સીમા આશિષ રાયાણી આવી પહોંચી હતી અને તેઓ હાલ વાપી નજીકના ચલામાં રહેતા મામાના ઘરે રહેવા માટે આવ્યાં હતાં અને ચલાથી રિક્ષામાં બેસી વાપી જીઆઈડીસી સ્થિત કલા મંદિરમાં આવ્યાં હતાં. તેઓ રિક્ષામાં જ પર્સ ભૂલી ગયાં હતાં અને તે પર્સમાં તેમના આફ્રિકાના પાસપોર્ટ સહિત અમેરિકન, આફ્રિકા તથા ભારતીય ચલણી નાણું મળી આશરે રૂ.2 લાખ તથા સોનાના દાગીના કિંમત આશરે 4 લાખ મળી કુલ રૂ.6 લાખનો મુદ્દામાલ હતો. આ બનાવની જાણ વાપી ઉદ્યોગનગર પોલીસમથકના પીઆઈ એમ.પી. પટેલને કરાઈ હતી અને તરત જ સર્વેલન્સ સ્ટાફને બોલાવી આફ્રિકન બહેન સાથે ગુંજન સર્વેલન્સ રૂમ મોકલી તપાસ કરી હતી.

દરમિયાન ઓટો રિક્ષા નંબર મળી આવ્યો હતો અને પોકેટકોપ મોબાઈલમાં તપાસ દરમિયાન રિક્ષા માલિકનું નામ મળી આવ્યું હતું અને તે બાદ તરત જ સર્વેલન્સ ટીમ પહોંચી ગઈ હતી અને રિક્ષામાંથી પર્સ મળી આવ્યું હતું અને સહી સલામત નાણાં અને દાગીના મળી આવ્યા હતા. આ મળી આવેલ પર્સ તેરા તુજકો અર્પણ અંતર્ગત આફ્રિકન બહેનને પરત સોંપી દીધું હતું.

## સજની બરડામાં ઝેરી દવા પી જતાં સગીરાનું મોત

ધરમપુરઃ **સજની બરડાના મૂળ અને** હાલ ભવાડા ડુંગરસેત ફળિયામાં રહેતાં પુષ્પાબેન રમેશભાઈ સગનીયા (ઉં.વ.૧૭)એ તા.11મીએ અગમ્ય કારણસર ઉંદર મારવાની ઝેરી દવા પી લેતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન રવિવારે મોત નીપજ્યું હતું.


મોન્સુન ધમાકા ભાવ અને મજુરી બંનેમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

મજુરી*

પ્લેઈન ગોલ્ડ 7.90%

એન્ટીક જ્વેલરી 10.90%

*શરતો લાગુ

આજના ભાવ માટે ફોન કરો 9825558181

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ)


## જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીશ દ્વારા જાહેર કરવામાં આવે છે કે, નવસારી જીલ્લાના સબ જીલ્લા નવસારીના મોજે **નવસારી મહાનગરપાલીકા** ના **ઘેલખડી** વિસ્તારનાં ખેતી સિવાયના **રેવન્યુ સર્વે નંબર : ૩૪૮/૧ પૈકી** ની જમીન જે નવસારી સીટી સર્વે દફતરે **ટીકા નંબર : ૧૭૬ ના સી. સ. નંબર : ૧૬૬૪/૯૨ હીસ્સા નંબર : ૯૨ પૈકી-૧ કાર્ડ નંબર : ૭૨૯૬** વાળી જમીન જેનો હીસ્સા નંબર :- ૯૨ પૈકી-૧ (પ્લોટ નંબર એ-૧૨ પૈકી) જે જમીનનું ક્ષેત્રફળ **ચો. ફુટ ૭૮૭-૫ જેના ચો. મી. ૭૩-૩૪** સુમારે છે તથા તે જમીન ઉપર આર. સી. સી. **૧૮ × ૪૫** એટલે કે **૮૧૦ ચો. ફુટ ના ૭૫.૨૫૧૫ ચો. મી.** નું પાકુ બાંધકામ કરેલ છે. જેનો નવસારી મહાનગરપાલીકા TENEMENT NO. : 10096953/0, OLD TENEMENT NO. : 6953/0, ULB UNIQUE IDENTIFIER NO. : 4050/K14 છે. જે મીલકતના મીલકત ટ્રાન્સફર અંગેના કોઈપણ પ્રકારના સાટાખત કે બાનાખત કરી કરાવી આપેલ નથી કે પાવર ઓફ એટર્ની પણ આપેલ નથી. પરંતુ **ઠાકોરભાઈ દેવજીભાઈ કટારીયા** રહે. : આઈ-૭, અયોધ્યા નગર-૨, ઘેલખડી, નવસારીનાએ સદરહું મીલકતનો સાટાખત નોટરી પબ્લિક રૂબરૂ સીરીયલ નંબર : ૬૭૨૧/૨૦૨૪ થી તા. : ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ નોટરાઈઝ્ડ કરાવેલ છે જે બોગસ તેમજ બનાવટી છે. જે અંગેની એક લીગલ નોટીશ પણ હમારા અસીલે તેમના એડવોકેટ મારફત તા. : ૨૯/૩/૨૫ ના રોજ આપેલ છે. જેથી સદરહું સાટાખત આ જાહેર નોટીશ દ્વારા રદ બાતલ ઠેરવીએ છીએ તેમજ સદરહું સાટાખતથી જે કંઈપણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે તમામ આ જાહેર નોટીશથી રદ બાતલ ઠેરવીએ છીએ અને સદરહું સાટાખત રૂએ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલી હશે તો તે માટે જે તે ઈસમની રહેશે જેના માટે હમારા અસીલ જવાબદાર નથી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**ભાવિક બી. શ્રીમાળી - એડવોકેટ**

૧૦૭, રામજી પાર્ક, મારૂતિનગર, વિજલપોર, તા. નવસારી શહેર, જી. નવસારી.